# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષા તા.૦૫/૦૩/૨૦૨૦ થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર (હોલટીકીટ) તા.૧૫/૦૨/૨૦૨૦ થી બોર્ડની વેબસાઈટ **sci.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી. દ્વારા લોગઈન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર (હોલટીકીટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના માર્ચ-૨૦૨૦ પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયો/માધ્યમની ખરાઈ કરીને તેમાં પરીક્ષાર્થીનો ફોટો ચોંટાડી, પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીના સહી-સિક્કા (અડધી સહી અને સિક્કો ફોટા પર આવે તે રીતે) કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે અને તેની સાથે પરીક્ષાર્થીને પરીક્ષા માટેની વિજ્ઞાન પ્રવાહની સૂચના (નં.૧ થી ૨૧)ની પ્રિન્ટ પરીક્ષાર્થી અને આચાર્યશ્રીની સહી સાથે ફરજીયાત આપવાની રહેશે. પ્રવેશપત્ર (હોલટીકીટ) સાથે ઓનલાઈન મૂકવામાં આવેલ વિતરણ યાદીમાં પ્રવેશપત્ર (હોલટીકીટ) તથા સૂચનાપ્રત આપ્યા બદલની સહી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાન પ્રવાહ શાખા (ક-શાખા)નો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો.

(ડૉ. અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા – ૧૫/૦૨/૨૦૨૦, શનિવાર

સ્થળ - ગાંધીનગર.